**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૯૨ ટકા






ગાંધીનગરમાં ગણેશ મહોત્સવ સોળે કલાએ ખિલી ઉઠયો છે. સેકટર-૧૬માં બ્રહ્મસમાજ ભવન ખાતે આયોજિત ગણેશ મહોત્સવમાં શનિવારે ભજન સંધ્યા અને સૂરીલી સરગમનો કાર્યક્રમ યોજાયો હતો. સલીલ મહેતાના આ કાર્યક્રમમાં કલ્યાણી કૌઠાળકર, દિવ્યાંગ અંજારીયા તથા પ્રહર વોરા જેવા ખ્યાતનામ કલાકારોએ પંકજ પાઠકના સંગીત સંચાલનમાં સૂરીલા સંગીતની મહેફિલ જમાવી હતી. કાર્યક્રમનું સંચાલન તેજસ મજમૂદારે કર્યું હતું. આ કાર્યક્રમમાં ગુડાના ચેરમેન આશિષભાઈ દવે સહિત બ્રહ્મસમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# વાવોલ ખાતે આયુર્વેદિક નિદાન સારવાર કેમ્પ યોજાયો

**હેપ્પી યુથ કલબ દ્વારા આયોજિત કેમ્પનો ૧૧૫ દર્દીઓએ લાભ લીધો ૩૦૦થી વધુ લાભાર્થીઓને સ્વાઈન ફલુ ઉકાળાનું વિતરણ કરાયું**




ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના ગુડા વિસ્તાર વાવોલ ખાતે હેપ્પી યુથ કલબ દ્વારા દ્વારકેશ રેસીડેન્સીમાં નિઃશુલ્ક સર્વરોગ આયુર્વેદિક નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ ગણેશોત્સવ ૨૦૧૭ને અનુલક્ષીને યોજવામાં આવ્યો હતો. જેમાં દર્દીઓને વિના મૂલ્યે દવાનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્વાઈન ફલુ પ્રતિરોધક આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરાયું હતું તથા સ્વાઈન ફલુ મહારોગ અંગે જાગૃતિ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

ગણેશોત્સવમાં ધાર્મિક કાર્યક્રમો સાથે સમાજોપયોગી સેવાકાર્યોના આયોજનનું નવતર કદમ હેપ્પી યુથ કલબ દ્વારા ઉઠાવવામાં આવી રહ્યું છે. અગાઉ સરગાસણ ચાર રસ્તા પાસે શરણ રેસિડન્સી ખાતે રકતદાન શિબિરનું આયોજન કર્યા બાદ હવે વાવોલની દ્વારકેશ રેસિડેન્સી ખાતે આયુર્વેદિક સર્વરોગ નિદાન-સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૧૫ જેટલા દર્દીઓએ લાભ લીધો હતો. આ કેમ્પમાં નિષ્ણાત તબીબો દ્વારા નિદાન સારવાર હાથ ધરાઈ હતી અને જયાં જરૂર લાગે ત્યાં દર્દીઓને વિના મૂલ્યે દવા પણ આપવામાં આવી હતી. આ કેમ્પમાં સ્વાઈન ફલુ પ્રતિરોધક આયુર્વેદ ઉકાળાનું વિતરણ કરાયું હતું. જેનો ૩૦૦થી વધુ લાભાર્થીઓએ લાભ લીધો હતો. આ પ્રસંગે નિસર્ગ સાયન્સ સેન્ટરના સહયોગથી સ્વાઈન ફલુ અંગે જાગૃતિ પ્રદર્શન યોજાયું હતું.

# ગુજરાત વ્યાયામ હીત રક્ષક સમિતિ દ્વારા સત્યાગ્રહ ખાતે ધરણા યોજાયા

ગાંધીનગર, તા.૨૮

ગુજરાત રાજયમાંથી વ્યાયામ અને ચિત્રના ઉમેદવારોની ભરતી કરવામાં આવી નથી. ટેટ અને ટાટ પાસ ઉમેદવારોએ સરકારી શાળાઓમાં ભરતી કરવામાં ન આવતા કંટાળી આજે ગાંધીનગર સે-૬ સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા યોજ્યા હતા અને ગુજરાત સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. સરકાર દ્વારા ટુંક સમયમાં ચિત્ર અને વ્યાયામ શિક્ષકોની ભરતી નહીં કરવામાં આવે તો ઉમેદવારો માર્કશીટ હોળી કરશે અને આગામી ચુંટણીનો પરિવાર સાથે બહિષ્કાર કરશે.જયારે સત્યાગ્રહ ખાતે એક દિવસના પ્રતિક ઉપવાસ યોજીને ઉમેદવારોએ મુખ્યમંત્રીને આવેદન પત્ર આપી ભરતી કરવા ઉગ્ર રજુઆત કરી હતી.

ગુજરાતમાં અંદાજે ૧૦૦૦૦ જેટલા વ્યાયામ,ચિત્ર અને સંગીતના લાયકાત ધરાવતા ઉમેદવારો બેકારીનો



સામનો કરી રહ્યા છે. તેઓ ખાનગી નોકરી કરી કારમી મોંઘવારીમાં પોતાના પરિવારનું ભરણ પોષણ કરી રહ્યા છે. સરકાર સમક્ષ અનેકવાર ભરતી કરવા રજુઆત કરી છતા સરકારના પેટનું પાણી હલતું નથી. રાજયભરની શાળાઓમાં અમારો વિષય હોવા છતા ઉમેદવારોની ભરતી કરવામાં આવતી નથી. આરટીઆઈ ૨૦૦૯ મુજબ અમારો સમાવેશ કરવામાં આવ્યો છે.એનસીઆરટી મુજબ પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ભારત દેશની અંદર ફકત ગુજરાતમાં જ ભરતી કરવામાં આવતી નથી. હાલમાં જ યુપી સરકારે ૩૨૦૦૫ની ભરતી બહાર પાડી છે તો ગુજરાત સરકાર કેમ બહાર ન પાડી શકે તેમ ઉમેદવારોએ રોષ સાથે જણાવ્યું હતું. જયારે સમગ્ર ગુજરાતમાં ચિત્ર, વ્યાયામ અને સંગીતના શિક્ષકોની અંદાજીત ૧૫૦૦૦ થી ૨૦૦૦૦ જગ્યાઓ ખાલી પડેલી છે. છતા સરકાર દ્વારા ભરતી નહીં કરીને ઉમેદવારોને અન્યાય કરી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. સત્યાગ્રહ છાવણી ખાતે પ્રતિક ધરણા પર બેઠેલા ઉમેદવારોએ આજે જણાવ્યું હતું કે ટુંક સમયમાં સરકાર તરફથી કોઈ લેખિત બાંહેધરી ભરતી અંગે નહીં આપવામાં આવે તો આગામી ચુંટણીનો તમામ ઉમેદવારો તેમના પરિવાર સાથે બહિષ્કાર કરશે તેમજ માર્કશીટની નકલની હોળી કરશે. તેમ ગુજરાત વ્યાયામ હિત રક્ષક સમિતિના પ્રમુખ અજીતસિંહ સિસોદીયાએ જણાવ્યું હતું.

# કમલમની સામે માર્ગ પરથી યુવાનના ગળામાંથી સોનાના ચેઈનની ચીલઝડપ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પરથી પસાર થઈ રહેલા બાઈક ચાલક યુવાનના ગળામાંથી ચાલુ બાઈકે સોનાના દોરાની ચીલઝડપ કરી ચોર ઈસમો પલાયન થઈ ગયા છે. બનાવ અંગે યુવાને ઈન્ફોસીટી પોલીસ મથકે ગુનો નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર શહેરમાં તસ્કરો તરખાટ મચાવી રહ્યા છે. બંધ મકાનને નિશાન બનાવી લાખો રૂપીયાની મત્તા ચોરી કરી નિશાચરો પલાયન થઈ જાય છે. ત્યારે શહેરમાં ચેઈન સ્નેચીંગના કિસ્સા પણ પ્રકાશમાં આવી રહ્યા છે. શહેરમાં ચેઈન સ્નેચીંગ ગેંગ સક્રીય થઈ હોય તેવું લાગી રહ્યું છે.પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ત્યારે કોબા-ગાંધીનગર માર્ગ પર ભાજપના પ્રદેશ કાર્યાલયની સામેની બાજુમાં માર્ગ પરથી તા.૨૬ ઓગસ્ટના રોજ રાત્રીના ૯ વાગ્યાની આસપાસ હિમેશ લાલાભાઈ, રહે-સી-૪૦૧, રાધે રેસીડન્સી, કુડાસણ પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન અચાનક તેમની બાજુમાં બાઈક પર ૨૮ થી ૩૨ વર્ષની વયના બે યુવાનો આવ્યા હતા અને ચાલુ બાઈક પર જ હિમેશના ગળામાં રહેલો સોનાનો પેડલ સાથેનો દોરો તોડી ચોર ઈસમો પલાયન થઈ ગયા હતા. ગળામાંથી દોરો તુટતા યુવાને બુમાબુમ કરી હતી પરંતુ રાત્રીના સમયે કોઈ જ યુવાનની મદદે આવ્યું નહોતું. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે યુવાનને ફરિયાદ નોંધાવતા પીએસઆઈ આર.કે. ચૌહાણે વધુ તપાસ હાથ ધરી છે.




જમ્પ રોપની રમતમાં રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતની ટીમે દ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યું છે. તા.૨૬થી તા. ૨૭મી ઓગસ્ટ દરમિયાન મહારાષ્ટ્રના નાસિક ખાતે યોજાયેલી રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ગુજરાતે આ સિદ્ધિ હાંસલ કરી છે. આ સ્પર્ધામાં ગુજરાતની ટીમમાં ૫૦ ખલાડીઓએ ભાગ લીધો હતો.

# ટોયલેટ : એક સમસ્યા પદયાત્રીઓની, પરેશાની શહેરીજનોની..!!

**રાત્રિ રોકાણ અને ન્વાહા-ધોવાની સવલત તો સેવા કેન્દ્રો પુરી પાડે છે પરંતુ ટોયલેટ કયાં જવું ? વન વિભાગની ઝાડીઓનો પદયાત્રીઓ ઉપયોગ કરતા રહીશોને પરેશાની : તંત્રએ હંગામી ટોયલેટ્સની વ્યવસ્થા ઉભી કરવી જોઈએ તેવી માંગ**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરના માર્ગો પર 'બોલ માડી અંબે, જય અંબે'ના પોકારો સંભળાવા લાગ્યાં છે. પ્રતિવર્ષ પાટનગરમાંથી અંબાજીના ભાદરવી પૂનમના મેળા માટે લાખોની સંખ્યામાં પદયાત્રીઓ પગપાળા પસાર થાય છે અને તેમને સવારના ચા-નાસ્તાથી માંડીને રાત્રિના ભોજન અને રહેવા-સુવાથી માંડીને સવારે ન્હાવા-ધોવા સુધીની સવલતો પુરી પાડતા સેવા કેમ્પ યોજાય છે. જોકે પદયાત્રીઓને રાત્રિ રોકાણ અને સવારે ન્હાવા-ધોવાની સગવડ તો સેવા કેન્દ્રો પુરી પાડે છે, પરંતુ આ પદયાત્રીઓ માટે 'ટોયલેટ'નો પ્રશ્ન અઘરો બની જાય છે. જેના કારણે તેમણે શહેરના માર્ગોની આસપાસ વન વિભાગની ઝાડીઓનો આશરો લેવો પડે છે. જે જે-તે વિસ્તારના રહીશો માટે સમસ્યારૂપ બની રહ્યું છે. એક તરફ જ્યાં સ્વચ્છતા અભિયાનના બણગાં ફુંકાય છે ત્યાં શુ તંત્ર દ્વારા પદયાત્રીઓ માટે હંગામી ટોયલેટની વ્યવસ્થા ના કરવી જોઈએ તેવો પ્રશ્ન આ રહીશો પુછી રહ્યાં છે.

સ્વચ્છતા અભિયાનની વાતો ઘણી થાય છે પરંતુ જ્યારે વાસ્તવિક સમયે અને સ્થળે જ્યાં સ્વચ્છતા જળવાય તે માટે પુરતી વ્યવસ્થા ગોઠવવાની જરૂર હોય છે ત્યાં હંમેશા તંત્ર નિંદ્રાધીન જ જણાય છે. શહેરમાંથી પસાર થતા લાખો પદયાત્રીઓમાંથી હજારોની સંખ્યામાં વારાફરથી જરૂરિયાત મુજબ રાત્રિ-રોકાણ પણ કરે છે. લગભગ સાતથી દસ દિવસ ચાલતા આ અવિરત પ્રવાહને શહેરના સેવા કેમ્પો જરૂરી તમામ પ્રાથમિક સુવિધા પુરી પાડે છે પરંતુ જ્યાં તંત્રએ જે વ્યવસ્થા કરવાની છે તે ક્યાંય જણાતી નથી. પદયાત્રીઓ દ્વારા માર્ગ પર ગંદકી ના થાય તે માટે સેવા કેમ્પોને 'ડસ્ટબીન' રાખવાની સૂચનાઓ આપી દીધી પરંતુ રાત્રિ રોકાણ કરતા પદયાત્રીઓને ટોયલેટની જરૂરિયાતનું શું ? ના છૂટકે રોડ સાઈડની ઝાડીઓનો ટોયલેટ માટે પદયાત્રીઓ ઉપયોગ કરતા ગંદકીમાં વધારો થાય છે. જેના કારણે તેની આસપાસના રહીશો માટે મોટી સમસ્યા ઉભી થઈ રહી છે. આ સમયે તંત્રએ પદયાત્રીઓ માટે રાત્રી રોકાણની વ્યવસ્થા પુરી પાડતા સેવા કેમ્પો નજીક હંગામી ટોયલેટ્સની તાત્કાલિક વ્યવસ્થા ઉભી કરવી જોઈએ તેવી ફરિયાદ ઉઠવા પામી છે.

## આઈ લવ માય ગાંધીનગર



**ભાવના સમીર રામી**
**બ્યુટીશિયન**

**ગાંધીનગર ગમે**

ગાંધીનગર એ અન્ય શહેરો કરતાં સ્વચ્છ અને સુંદર છે. અહીં હરિયાળી વધારે પ્રમાણમાં હોવાથી અને વસતીની ગીચતા ન હોવાથી આ શહેર મને ગમે છે.

**નગરજનો**

શિક્ષિત, સંસ્કારી અને કલાપ્રેમી નગરજનો અહીં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

નગરમાં થતી કલા, સાંસ્કૃતિક અને સેવા પ્રવૃત્તિઓ ગમે છે. હેપ્પી યુથ કલબ, જુનિયર સિટિઝન કાઉન્સિલ, સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, જી ઈ કલબ, ગાંધીનગર કલ્ચરલ ફોરમ, લાયન્સ, રોટરી કલબ જેવી સંસ્થાઓની પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

સ્વચ્છતા અને જાહેર શિસ્ત બાબતે ઘણું કરવાની જરૂર છે એવું અનુભવાય છે.

**નગર માટે હું કરી શકું**

વ્યક્તિત્વ વિકાસ માટેના સઘળા ઉપક્રમો માટે હું મારી સહાય આપવા માટે હું તૈયાર છું.

# ચિલોડાથી પસાર થતો હાઈવે નં. ૮ હાડપિંજર

**પ્રસુતાને પ્રસુતિ થઈ જાય તેવી કંગાળ હાલતના માર્ગથી વાહન ચાલકોમાં આક્રોશ, આજીવન રોડટેક્ષ અને ટોલટેક્ષના ઉઘરાણાં છતાં સુવિધાના નામે ભ્રષ્ટાચારની અનુભૂતિ**



ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર નજીકના ચિલોડા થઈ દિલ્હી તરફ જતાં નેશનલ હાઈવે નં. ૮ની સ્થિતિ હાલમાં હાડપિંજર સમાન બની ગઈ છે. દૈનિક અસંખ્ય વાહનોની અવરજવર વાળા આ માર્ગને મજબૂતી આપવામાં નિષ્ફળ નિવડેલ તંત્ર વિરૂધ્ધ ચોર ફીટકાર વરસી રહ્યો છે. જેમાં ચિલોડાથી હિંમતનગર વચ્ચે એક પણ જગ્યાએ માર્ગ સારો રહ્યો હોય તેવી સ્થિતિ રહી નથી. આજીવન રોડટેક્ષ અને ટોલટેક્ષ ઉઘરાવતું તંત્ર શ્રેષ્ઠ સુવિધા આપવામાં ઉણું ઉતર્યું છે તેમજ માર્ગમાં નર્યો ભ્રષ્ટાચાર જ થયો હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે.

પ્રથમ વરસાદની થપાટે જ નેશનલ હાઈવે નં. ૮ના પહેરેલા કપડાં ઉતરી ગયા હોય તેમ ચિલોડાથી હિંમતનગર વચ્ચેનો માર્ગ ચિંથરે હાલ થઈ ગયો છે. તંત્ર કલાકોમાં જ આ માર્ગ બનાવી દેતાં હોવાના તત્કાલીન સમયે પ્રસિધ્ધ થયેલા સમાચાર એ બાબતને સમર્થન આપી રહ્યા છે કે ગુણવત્તા વગરના મટીરીયલ્સ અને યોગ્ય માત્રામાં થવો જોય તો વપરાશ પણ ન કરી ભ્રષ્ટાચાર આદર્યો હોય તેવી સ્થતિ હાલમાં દેખાઈ રહી છે. દૈનિક અસંખ્ય વાહનની અવરજવરમાં એમ્બ્યુલન્સની પણ મોટી સંખ્યામાં અવરજવર રહે છે જેમાં પ્રસુતાને પ્રસુતિ પણ માર્ગમાં જ થઈ જાય તેવી હાલત આ માર્ગની બની ગઈ છે.

હાડપિંજર સમાન બનેલા આ માર્ગની આ હાલતથી ગમખ્વાર અકસ્માતો પણ સર્જાયા છે તો વળી અનેક વાહનો ખોટકાઈ જવાના બનાવો નિરંતર બની રહ્યા છે. તંત્રએ આ માર્ગ પ્રત્યે બિલકુલ દુર્લક્ષ સેવ્યું હોય તેવું લાગી રહ્યું છે. તેમજ હાલની સ્થિતિને હળવી કરવા પણ ચોકકસ અને નકકર કોઈ જ પગલાં લીધા ન હોવાનું પણ જણાઈ રહ્યું છે. વાહન ચાલકોની સુરક્ષા સાથે થઈ રહેલા આ ગંભીર પ્રકારના ચેડા અંગે કેટલાક જાગૃતિ નાગરિકો દ્વારા અરજી કરી વિઝિલન્સ તપાસની માંગ કરાઈ હોવાની પણ ચર્ચા થઈ રહી છે. કરોડો રૂપિયાના આ માર્ગ પાછળ થતા ખર્ચા ફોગટ જઈ રહ્યા છે ત્યારે લોકોના ટેક્ષ પેટે મળેલા નાણાંનો દુર્વ્યય અટકાવવા ઈજારો ધરાવનાર એજન્સી વિરૂધ્ધ યોગ્ય કાર્યવાહીની માંગ ઉઠવા પામી છે.

## @ગાંધીનગર

● સે-૨૨ શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ ગાંધીનગર દ્વારા આયોજિત ગણેશોત્સવમાં રાત્રે ૮.૩૦ કલાકે આપણું ફાઉન્ડેશન દ્વારા આયોજીત ગાંધીનગર સરકારી પ્રાથમિક શાળાના બાળકોનો ટેલેન્ટ શો યોજાશે.

● સે-૫-બી સાર્વજનિક ગણેશ મહોત્સવ જય ગોગા મિત્ર મંડળ દ્વારા શોપીંગ સેન્ટર ખાતે આયોજિત ગણેશોત્સવમાં બપોરે એક કલાકે વિસર્જન યાત્રા નીકળશે. તેમાં ૫૫ નાસિક ઢોલ, ૧૧૧૧ નંગ મોદકના લાડુનો પ્રસાદ ધરાવાશે.

● સે-૩-ડી યુવક મિત્ર મંડળ દ્વારા ગણેશ મહોત્સવમાં રાત્રે ૮ કલાકે સુંદરકાંડના પાઠ સંજયભારતી બાપુની વ્યાસ પીઠે યોજાશે.

● વિનાયક યુવક મંડળ સે-૫-બી દ્વારા ગણેશ મહોત્સવમાં ધ પાઈ ઓફ ફેમીલી ગ્રુપ દ્વારા નાટક રાત્રે ૯ કલાકે ભજવાશે.

● યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બપોરે ૧ કલાકે આનંદનો ગરબો અને સાંજે ૪ કલાકે ગણેશ વિસર્જન કરવામાં આવશે.

● શ્રી મહાકાળી મહાપ્રસાદ સેવા કેન્દ્રનો પ્રારંભ સવારે ૮.૩૦ કલાકે થશે અને રાત્રે ૮ કલાકે ગરબા યોજાશે.

● વંદે માતરમ પરિવાર દ્વારા આનંદનો ગરબો શ્રી રંગ પરિવાર દત્ત મંદિર, સે-૨૪ ખાતે બપોરે ૪ થી ૬ કલાક દરમિયાન યોજાશે.

● માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા સે-૪-ડી પ્લોટ નં. ૧૩૫૫/૨ ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

● સે-૩-ડી ગણેશ મહોત્સવ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે ભારતીબાપુની વ્યાસપીઠે સુંદરકાંડના પાઠ યોજાશે.

## વાતવાતમાં

● ગાંધીનગરમાં ગણેશ ઉત્સવ સમાપન તરફ આગળ વધી રહ્યો છે. શહેરમાં અનેક શ્રધ્ધાળુઓ દ્વારા ત્રણ દિવસ કે પાંચ દિવસના ગણપતિ તેડાવાયા હતા જેનું વિસર્જન પ્રારંભ થઈ ગયું છે.

● શહેરમાં ગણેશ ઉત્સવની સાથે સાથે અંબાજી જતા પદયાત્રીઓ પસાર થવા લાગ્યા છે. જેમના સત્કાર માટે ઠેર ઠેર સેવા કેમ્પો ધમધમવા લાગ્યા છે. એક તરફ ગણેશોત્સવના પંડાલો અને બીજી તરફ સેવા કેમ્પો પર સતત વાગતા રહેતા સંગીતને કારણે શહેરમાં સાર્વત્રિક રીતે ધાર્મિકતાનો માહોલ સર્જાવા પામ્યો છે.

# જીઈબી કોલોનીમાં સ્વાઈન ફલુના ઉકાળાનું મફત વિતરણ

ગાંધીનગર, તા.૨૮

ગુજરાત થર્મલ પાવર સ્ટેશન રીક્રીએશન કલબ દ્વારા તા. ૨૪મી ઓગસ્ટથી તા. ૨૬મી ઓગસ્ટ સુધી સવારે સાડા છ થી નવ વાગ્યા સુધી સ્વાઈન ફલુના ઉકાળાનું નિઃશુલ્ક વિતરણ પાવર હાઉસ તથા કોલોની ખાતે મુખ્ય ઈજનેર એસ.એસ. ગામીતના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ હતું. જેનો લાભ મોટી સંખ્યામાં કર્મચારીઓ, પરિવારજન, સ્કુલના બાળકો તથા આસપાસના શહેરીજનોએ લીધો હતો.

## ચિરવિદાય

● સ્વ. બાલુબેન દિપસિંહ ઠાકોર, ઉ.વ. ૬૩